ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ તા.27.11.2018

## મધ્યપ્રદેશમાં 1200 અને રાજસ્થાનની ચુંટણીમાં 1500 ,કુલ ચુંટણી પ્રચારમાં ગુજરાત ભાજપનાં 2700થી વધુ કાર્યકર્તાઓ જોડાયાં.

------------

### બંન્ને રાજયોની જનતા સંપૂર્ણ બહુમતી સાથે ભાજપને પુન: ભવ્ય વિજય અપાવશે.

------------

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રવકતાશ્રી ભરત પંડયાએ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની વિધાનસભાની ચુંટણીમાં ગુજરાત માંથી ચુંટણી પ્રચાર અર્થે ગયેલ કાર્યકર્તાઓની માહિતી આપતાં જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશમાં તા.28 નવેમ્બરના રોજ ચૂંટણી યોજાનાર છે. ગુજરાતનાં દક્ષિણ ઝોન અને મધ્ય ઝોન માંથી ઉજ્જૈન સંભાગની 29 વિધાનસભા અને ઈન્દોર સંભાગની 21 વિધાનસભામાં આમ, કુલ 50 વિધાનસભા બેઠકો પર ભાજપના 1200થી કાર્યકર્તાઓ ચુંટણી પ્રચાર કરવા ગયાં હતાં. મધ્યપ્રદેશની ચુંટણી ગુજરાત ભાજપ પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર અને શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ કાર્યકર્તાઓનું સંકલન કર્યું હતું.

રાજસ્થાનનાં ઉદેપુરખાતેથી માહિતી આપતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં તા.07 ડિસેમ્બરના રોજ યોજાનાર ચુંટણીમાં જોધપુર સંભાગની 33 અને ઉદેપુર સંભાગની 19 સીટ, આમ કુલ 52 વિધાનસભામાં ગુજરાતનાં સૌરાષ્ટ્ર ઝોન અને ઉત્તર ગુજરાત ઝોન માંથી કુલ 1500થી વધુ કાર્યકર્તાઓ ચુંટણી પ્રચારમાં કાર્યરત છે. રાજસ્થાનની ચુંટણી પ્રચારમાં ગયેલ કાર્યકર્તાઓનું સંકલન ઉત્તર ગુજરાત માટે ગુજરાત ભાજપ પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ અને પૂર્વ મંત્રીશ્રી રજનીભાઈ પટેલ તેમજ સૌરાષ્ટ્ર ઝોન માટે કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખભાઈ માંડવિયા અને મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના ચેરમેનશ્રી ધનસુખભાઈ ભંડેરી સંકલન કરી રહ્યાં છે.

જયપુરખાતે મીડિયા સેન્ટરમાં ગુજરાત મીડિયા સેલનાં કન્વીનર શ્રી ડો. હર્ષદ પટેલ સહયોગ કરી રહ્યાં છે. સુરતનાં શ્રી વિનોદ જૈન પણ ઉદેપુર સંભાગની વ્યવસ્થામાં છે. આજે તેમની સાથે ડો. હેમંત ભટ્ટ, શ્રી વિક્રમ જૈન, ડો. અમિત જયોતિકર પણ ઉદેપુરમાં ભાજપનાં મીડિયા વિભાગનાં કામમાં જોડાયાં હતાં.

મધ્યપ્રદેશ અને રાજસ્થાનની ચુંટણીમાં ગુજરાત માંથી દરેક જીલ્લાના મંડલના કાર્યકર્તાઓ થી લઈને સંસદસભ્ય, ધારાસભ્યશ્રી, જીલ્લા સંગઠન તેમજ પ્રદેશ હોદ્દેદાર સહિત ચુંટણી પ્રચારમાં જોડાયેલાં રહ્યાં છે. બંન્ને રાજયોમાં ભાજપ પુન: જીતશે તેવું વાતાવરણ જોવાં મળ્યું હતું અને બંન્ને રાજયોની જનતા ભાજપને સંપૂર્ણ બહુમતી સાથે ભવ્ય જીત અપાવશે. તેવો વિશ્વાસ શ્રી પંડયાએ વ્યક્ત કર્યો હતો.

- (ડો. હર્ષદ પટેલ)
(મીડિયા વિભાગ)